કલ્ચરલ-કમ-કોમ્યુનિટી હોલ યોજના તથા હાટ બજાર યોજનાના જમીન માંગણીના (Norms) માપદંડો નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: TDD/HTB/e-file/25/2024/0886/GH
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૧૨/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧) કલેકટરશ્રી, છોટા ઉદેપુરનો તા.૨૯/૦૯/૨૦૨૩નો પત્ર ક્રમાંક :- જમન/વશી/૧૯૬૯/૨૦૨૩

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૭/૧૧/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:- DOTD/HTB/e-file/242/2024/2512/Agruni

**પ્રસ્તાવના:-**

ગુજરાત રાજ્યના આદિજાતિ વિસ્તારમાં વસતા અનુસૂચિત જનજાતિના લોકો પોતાની વંશપરંપરાગત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા તેઓના સામાજીક પ્રસંગો ઉજવવા માટે એક સ્થળે માળખાગત સુવિધાઓ મળી રહે તે હેતુસર એક કલ્ચરલ-કમ-કોમ્યુનિટી હોલ માટે અંદાજીત ૧-હેકટર જમીનની તથા અનુસૂચિત જનજાતિના લોકો પોતાના ઉત્પાદનો/પેદાશોનું વેચાણ તેમના નજીકના સ્થળે હાટ ભરાતા હોય ત્યાં વેચાણ કરી શકે તે હેતુસર આદિજાતિની સઘન વસ્તી ધરાવતા તાલુકાઓ પૈકી દરેક તાલુકાઓમાં એક હાટ બજાર શરૂ કરીને દૂરથી આવતા આદિજાતિના લોકોને જરૂરી માળખાગત સુવિધાઓ મળી રહે તે માટે એક હાટ બજાર દીઠ અંદાજે ૧.૨૫ હેકટર જમીનની જરૂરીયાત હોઇ, કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ દ્વારા વંચાણે લીધેલ ક્રમ –(૨) પરના પત્રથી કલ્ચરલ કમ કોમ્યુનિટી હોલ યોજના **તથા** હાટ બજાર યોજનાના જમીન માંગણીના (Norms) માપદંડો નક્કી કરવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલી કલ્ચરલ-કમ-કોમ્યુનિટી હોલ યોજના તથા હાટ બજાર યોજનાના જમીન માંગણીના (Norms) માપદંડો નીચે મુજબ આથી નક્કી કરવામાં આવે છે.

(૧) કલ્ચરલ કમ કોમ્યુનિટી હોલના બાંધકામ માટે જમીનના ધોરણની વિગતો દર્શાવતું પત્રક:-

| વિગત | વિસ્તાર |
|---|---|
| કોમ્યુનિટી હોલનું બિલ્ડીંગ (સ્ટેજ, રૂમો, હોલ, લાયબ્રેરી, મ્યુઝિયમ, શૌચાલય, સિક્યુરિટી કેબીન વિગેરે) | ૦.૨૬ એકર |
| પાર્કિંગ અને સાંસ્કૃતિક પ્રસંગો માટેની ખુલ્લી જગ્યા | ૨.૨૨ એકર |
| કુલ | ૨.૪૮ એકર (૧ હેકટર) |

(૨) હાટ બજારના બાંધકામ માટે જમીનના ધોરણની વિગતો દર્શાવતું પત્રક :-

| વિગત | વિસ્તાર |
|---|---|
| હાટ બજાર બિલ્ડીંગ (દુકાનો,શૌચાલય, ઓફિસ, કેન્ટીન, સિક્યુરિટી કેબીન, મિટીંગ હોલ, ચોકીદાર નિવાસ, આંતરિક રસ્તાઓ વિગેરે) | ૧.૫૦ એકર |
| કેટલયાર્ડ | ૦.૨૦ એકર |
| પાર્કિંગ માટેની ખુલ્લી જગ્યા | ૧.૩૮ એકર |
| કુલ | ૩.૦૮ એકર (૧.૨૫ હેકટર) |

કલ્ચરલ કમ કોમ્યુનિટી હોલ યોજના તથા હાટ બજાર યોજના અંગેના પ્રવર્તમાન ઠરાવોની અન્ય શરતો /જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૧૦/૧૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. કિશોર ઘારૈયા)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન, રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ. )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આવિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- ~~સર્વે વિભાગ હેઠળના બોર્ડ, નિગમ તથા સોસાયટીની કચેરીઓ.~~
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓની કચેરી,(કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી મારફતે.)

D:\Pratik\ASHISHBHAI\2024\Scheme\Community Hall\TDD-HTB-e-file-25-2024-0886-GH New Norms Proposal.docx

- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, પી-શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.